


## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

આકળ વિકળ છે અક્ષરો શબ્દોય દંગ છે,
અર્થો આ અડીખમ છે, અચળ છે, અઠંગ છે.
સાચું કે, ઓળઘોળ થવાનો પ્રસંગ છે,
કિંતુ પહેલાં જેવો હવે ક્યાં ઉમંગ છે.
દિગ્મૂઢ ડાળખી અને વિહવળ વિહંગ છે,
પીળાશ પાંદડાની આ વિશ્વાસભંગ છે.
વચ્ચે છે હાય હીબકાં, ડૂમાં ને ડૂસકાં,
ક્યાં કોઈનીય વાર્તા અહિયા સળંગ છે.
સૂકા અફાટ રણની વચો વચ આ વીરડો,
મૃગજળિયા મનનો આય અજાયબ તરંગ છે.

- ડો. અદમ ટંકારવી

### પાથેય

# અફાટ રણની વચ્ચે વીરડો

કેટલાંક વિસ્મય એમ ને એમ ધરબાયેલાં જ રહે છે.કોઈ આપણને એના વિશે જણાવે તો આપણી આંખો પહોળી થઈ જતી હોય છે.નાની નાની ઘટનાઓ ઘણી મોટી વાત કરી જાય છે.જગતનો એક નિયમ છે કે સહુ કોઈ પ્રચલિત જે માન્યતાઓ કે માણસો હોય છે એની આસપાસ જ વિચારતા રહે છે..દરેકની પોતાની એક સમજશકિત હોય છે..એની એક સિમિત અનુભૂતિ હોય એ સ્વાભાવિક છે..આપણે બહુ મોટા લોકોની સંઘર્ષકથાઓ કે સાફલ્યગાથાઓ સાંભળી અહોભાવ વ્યક્ત કરીએ છીએ..પંરતુ ઘણીવાર આપણે જેને સામાન્ય કે નાના ગણી નજરઅંદાજ કરતા રહીએ છીએ એવા લોકો પાસે જે જોમ,સાહસ,કે જીવનસમજણ હોય છે એ ગજબ પમાડે એવી હોય છે..ભયંકર ઝંઝાવત કે વાવાઝોડાની થપાટ સામે મોટાં મોટાં વૃક્ષો ધરાશયી થઈ જાય છે..પરંતુ એની સામે કોઈ તુચ્છ લાગતું તરણું અડીખમ બની લ્હેરાતું હોય છે !

કેટલાક માણસોનો જીવનસંઘર્ષ એટલો અદ્ભુત હોય છે કે એ જાણે જિંદગીને પડકાર આપતા હોય એમ લલકાર કરી છે કે આવી જા ગમે તેટલી અડચણો સાથે ! હું નહીં થાકું તું જો થાકી જાય તો કહેજે ! છે ને ખુમારી ? કવિઓ અને સર્જકોમાં આવી ખુમારી સહજ હોય છે..અનેક વ્યથાઓ વચ્ચે પણ એમની સર્જનયાત્રા સતત ચાલતી રહે છે..

સર્જક નાનો હોય કે મોટો મને એનામાં એકસરખી દિલચસ્પી રહેતી હોય છે..ઘણીવાર ઝળહળતી રોશની જેવા સર્જકોની તુલનામાં ઘરદિવડાં જેવા સર્જકો વધારે આનંદ આપી જાય છે..એવું કહેવાય છે કે જેણે એકાદ નાનકડી કવિતા લખી હોય એવો એકલખૂણે બેસીને લખતો કવિ પણ મહાકાવ્ય લખી શકવાની સંભાવના ધરાવતો હોય છે..સર્જકનું કોઈ ગામ નથી હોતું...એ ગમે તે વ્યવસાય,કોઈપણ પ્રદેશ કે કોઈપણ સમાજમાંથી આપોઆપ ઉભરતો હોય છે..જે કોઈ લખે છે એ મારા માટે વિસ્મયનું કેન્દ્ર હોય છે..એને પોંખવામાં હરખપદુડા થઈ જવાની પણ એક મજા હોય છે..

લેખન એવી ચીજ છે કે એ લાંબી સાધના માગે છે..નૈસર્ગિક રૂચિ પણ જરૂરી છે..એ સતત શીખવાની પ્રક્રિયા છે...એટલે કોઈપણ નવલેખક જયારે મને એની કૃતિ બતાવે છે ત્યારે એ પરિપૂર્ણ જ હોય એવી ધારણા હું રાખતો નથી..એ બરાબર વ્યકત થાય એ રીતે હું આત્મીયતાથી એને આવકારૂં છું..આજે નહી તો ભવિષ્યમાં પણ એ કોઈક માતબર સર્જન આપશે એવી ગળાડૂબ શ્રધ્ધા ધરાવું છું..અને એટલે જ નવાસવા લખનારા માટે એક અચરજ આપણામાં સહજ રહેલું હોય છે..

માત્ર સાહિત્ય જ નહીં જીવનના દરેક ક્ષેત્રમાં સામાન્ય લાગતા માણસોની જે શકિતઓ બહાર આવતી હોય છે એ વિસ્મયકારક હોય છે..કુદરતે હૈયું મસ્તક હાથ તમામને આપેલ છે..મોટી લાગતી કોઈ વ્યકિત અન્યની તુલનામાં આપોઆપ નાની જ હોય છે..જગતમાં બધું સાપેક્ષ છે..ઈશ્વર તમામને કોઈક ને કોઈક શકિત આપે જ છે..આવી નાનકડી નજાકત જયારે કોઈ આપણને બતાવે ત્યારે આપણે રોમાંચિત થઈ જતા હોઈએ છીએ !

# એક આંબો ભાંગી પડ્યો : અષાઢની ભીનાશમાં મેઘાણીની સ્મૃતિ




એક વાવાઝોડું મચ્યું
એમાં એક આંબો ભાંગી પડ્યો.
કોઈ કહે કે અમારે વિશ્રાંતિ
લેવાની છાંયડી ગઈ,
અનેક બીજાઓને એના ફળ ગયા
તેનો પરિતાપ થયો.
એમ અંબાના જુદા જુદા આશ્રિતો
કે આશકો જુદી જુદી હાનિ પર રડ્યા.
પરંતુ કોઈને જ યાદ આવ્યું
અગર યાદ આવ્યું હોય તો
વસમું લાગ્યું કે
એ આંબાની ઘટામાં
એક કોયલ ટહુકતી હતી
તેના સૂરો ખોવાયા.

ઝવેરચંદ મેઘાણીની ઉપરની રચના પ્રમાણમાં ઓછી જાણીતી છે. પરંતુ તેમાં વ્યક્ત થયેલી વેદના ભાવકને પણ અકળાવે તેવી છે. આપણે પણ સામાન્ય રીતે સમાચાર પત્રોમાં વાંચતા રહીએ છીએ કે વાવાઝોડાને કારણે કેટલાક વૃક્ષો પડી ગયા. નજીકના ભૂતકાળમાં જ કચ્છ-સૌરાષ્ટ્રમાં વાવાઝોડાને કારણે અનેક વૃક્ષો ધરાશાયી થયા. મુન્દ્રા વિસ્તાર ખારેકના ઉત્પાદન માટે જાણીતો છે. ત્યાં પણ લગભગ તૈયાર થયેલી ખારેક સાથે અનેક વૃક્ષો ધરાશાયી થયા તેની વ્યથા ખેડૂતોના મુખ પર જોઈ શકાય તેવી સ્પષ્ટ હતી. આ બધું તો ખરું જ પરંતુ તે સિવાયની પણ એક બાબત છે. જે યાદ કરીએ તો વસમું લાગે તેવું છે. કોઈ પંખીએ આ વૃક્ષ પર ઘર બનાવ્યું હોય તેનો સ્વર કે ટહુકો હંમેશ માટે વિલાઈ ગયા. આ વ્યથા પણ એક અલગ ખિન્નતાનો ભાવ મનમાં જગાવી જાય છે. શાયર રાજેશ રેડ્ડીનો એક શેર આ વાતના સંદર્ભમાં સ્મૃતિમાં આવે છે:

યું તો આંધી મેં એક શઝર ગયા,
પર યે તો સોચો કે કિતને
પરિન્દોકા ઘર ગયા.

આમ તો સાદી સીધી વાત છે. વાવાઝોડાની તીવ્રતાને કારણે કેટલાક વૃક્ષો પડી ગયા તે લગભગ દરેક વર્ષે પુનરાવર્તિત થતી ઘટના છે. તેની નોંધ લેવાય તે પહેલા તે વાત ભૂલી પણ જવાય છે. પરંતુ જે પંખીઓએ પોતાનો માળો આવા વાવાઝોડાનો ભોગ બનેલા વૃક્ષો પર બાંધ્યો હોય તે તો થોડી ક્ષણોમાં જ બેઘર થયા છે. તેમનો કલબલાટ વિસ્મૃતિની ઊંડી ખાયમાં ગરકાવ થાય છે. ઝવેરચંદ મેઘાણી પોતાને પહાડના બાળક તરીકે ઓળખાવે છે. કુદરતના ભાતીગળ સ્વરૂપો એમણે નાનપણથી જ જોયા છે. આથી આ વૃક્ષના જવાની ઘટના કવિના દિલને ઊંડો આઘાત આપી જાય છે. વેદનાની આ વાત અહીં શબ્દોમાં પ્રગટ થઈ છે. વૃક્ષો તથા પક્ષીઓ એકબીજાની શોભા છે. આ સંદર્ભમાં મેઘાણીભાઈના મિત્ર કવિ દુલા ભાયા કાગનું ખુબ જાણીતું થયેલું ભજન "ઉડી જાઓ પંખી પાંખુવાળા" પણ આ સંદર્ભમાં યાદ આવે છે. જંગલમાં લાગેલી ભયાનક આગ ગમે ત્યારે એક વિશાળ વટવૃક્ષને પોતાની લપેટમાં લેશે તેવી સ્પષ્ટ સ્થિતિ દેખાય છે. વૃક્ષને પક્ષીઓ તરફ અંતરની લાગણી છે. બંને એકબીજાને પૂરક છે. એકબીજાની શોભા છે. આથી વૃક્ષ ઈચ્છે છે કે પંખીઓ હવે ઉડીને બીજા કોઈ સ્થળે જતા રહે. આમ કરે તો પંખીઓ બચી જાય. વડલાના અંતરની આ ઈચ્છા છે. પોતાના યુગ યુગ જુના મિત્રો માટેની આ ભલી લાગણી છે. પરંતુ પક્ષીઓ જુદું જ વિચારે છે. તેમને લાગે છે કે મુશ્કેલીના સમયે વૃક્ષનો સાથ છોડીએ તો એ સ્વાર્થનો સંબંધ ગણાય. હવે મૃત્યુના ડરથી આ સાથ છોડવા તેમનું મન માનતું નથી. કવિ કાગ(ભગતબાપુ) લખે છે:

આશરે તારે ઈંડા ઉછેર્યા
ફળ ખાધાં રસવાળા,
મરવા વખતે સાથ છોડે
ઈ મોઢા હોય મશવાળા...
ઉડી જાઓ પંખી પાંખુવાળા,
ભેળા મરશું ભેળા જનમશુ
અને તારી માથે કરશું માળા,
'કાગ' કહે આપણે ભેળા બળશું
ભેળા ભરશું ઉચાળા...
ઉડી જાઓ પંખી પાંખુવાળા...

આવા ભીના તથા રસાળ શબ્દ સાથે મેઘાણીનો આજીવન નાતો રહ્યો. "શબ્દ પણ જે અંતરમાં ઉગે તે જ બ્રહ્માંડને ઉગાડે તથા ઉજાળે એવો." (સોરઠી સંતવાણી) બ્રહ્માંડની ઉત્પત્તિ પણ આ શબ્દમાંથી જ થયા છે.

પેલે પેલે શબ્દે હુવા રણુંકારા,
ત્યાંથી રે ઉપજ્યાં જમી-આસમાના.

આવા શબ્દની ઉપાસના મેઘાણીએ જીવનપર્યંત કરી. શબ્દ એ જ અસીમ આત્માનંદના પ્રાકટ્યની ક્રિયા છે તેવું મેઘાણીનું વિધાન છે. આવા પ્રગટ આનંદની તેમજ અપાર ઊર્મિના દર્શનની ઝાંખી તેમના અનેક સર્જનોમાં સતત થતી દેખાય છે. રવિ સાહેબનું ભજન પણ આવા શબ્દબાણથી જે ઘાયલ થયા છે તેમને જ અર્પણ કરી શકાય તેવું છે. રવિ સાહેબ કહે છે:

બાણ તો લાગ્યા જેને
પ્રાણ રે વીંધાણા એના
નેણમાં ઘૂરે રે નિશાણ
જીવો જેને લાગ્યા ભજનુંના બાણ
જીવો જેને લાગ્યા શબદુના બાણ.

મેઘાણીના ગદ્યમાં તથા પદ્યમાં લોકવાણીની બળકટતા તેમજ ઉત્કટતાનો અનુભવ થાય છે. લોકસાહિત્યને મેઘાણી તેના સર્વ રુપરંગમાં પામ્યા છે. જયંત મેઘાણી આ વાતની પ્રતીતિ કરાવે છે. મેઘાણી જ કરી શકે એવું અને એક મહત્વનું કાર્ય એ એમણે ઉભી કરેલી લોકસાહિત્યની એક ભિન્ન શૈલી છે. ગદ્યની ગરિમાને તેનાથી વિશેષ ઉંચાઈ પ્રાપ્ત થઈ છે. પ્રસિદ્ધ વિદ્વાન ડો. વાસુદેવ શરણ મેઘાણી સ્મૃતિ વ્યાખ્યાન આપતા ઉચિત રીતે કેટલીક વાતો કરે છે. તેઓ કહે છે તેમ ઝવેરચંદ મેઘાણી એ ગુજરાતના વિશાળ ક્ષેત્રોમાં ફેલાયેલા લોકસાહિત્યના એક પ્રતીક બની ગયા છે. તેઓ સાચા અર્થમાં પૃથ્વીપુત્ર હતા. "માતા ભૂમિઃ પુત્રોંહ પૃથિવ્યાં" એ અથર્વવેદનો મંત્ર તેમના જીવનમાં સાકાર થતો દેખાય છે. મેઘાણીએ પોતાની આંખે લોકનું દર્શન કરેલું છે. આ સાક્ષાત દર્શન એ જ તેમનું પૂર્ણદર્શન છે.

પ્રત્યક્ષદર્શી લોકાનાં સર્વદર્શી ભવેન્નરઃ

વ્યાસમુનિના આ વિધાન મુજબ જે લોકને પોતાની આંખે જુએ છે તે જ તેનું પૂરેપૂરું દર્શન કરે છે. લોકનું પ્રત્યક્ષ દર્શન એ જ મેઘાણીભાઈના સમગ્ર દર્શનની ચાવી છે.

# વરસાદ એટલે પ્રભુનો પરસાદ... પણ એક સામટો આટલો બધો પ્રસાદ ? મેઘરાજા પોતાના જ રેકોર્ડ તોડવાના મૂડમાં !!




કેટલીક વ્યક્તિ આવે એની રાહ જોવાતી હોય છે અને કેટલીક કયારે રવાનાર થાય એની !! કેમ કે આ 'કેટેગરી'માં આવનારા લોકો એમની ધડમાથા વિનાની વાતો થકી 'બોર' કરવાની ફાવટવાળી હોય છે. એમને સહન કરવાની સામેવાળામાં ફાવટ હોવી જોઈએ. ધીરજ હોવી જોઈએ. અલબત્ત, અહીં ધીરજ દાખવવાં છતાં ધીરજનાં ફળ 'મીઠાં' નહીં 'માઠાં' જ મળે છે.

જયારે જેમનું આગમન આપણને આકરું નહીં પરંતુ આવકાર્ય લાગે છે - ગમતું હોય છે એમની પાસે પોતાની વાતો થકી, (એમની, કેવળ સંભળાવવાય જ નહીં. બીજાંને સાંભળવાની પણ 'કલા' હોય છે.) આપણને 'ફ્રેશ' કે 'રિચાર્જ' કરવાનો જબરદસ્ત 'પાવર' હોય છે. આવી વ્યક્તિઓના 'પાવરપેક્ટ પરફોર્મન્સ' થી એમની આસપાસનું વાતાવરણ 'લાઈવ' ને 'હળવુંફુલ' થઈ જવાની સો ટકા ગેરન્ટી.... તો 'આ ઝટ વિદાય લે તો સારું' એવું જેમના માટે મનમાં થયા કરે. એ લોકોનું ય પરફોર્મન્સ તો એમની રીતે 'પાવરફુલ' જ હોય છે. પણ સામેવાળાને બગાસાં ખાતાં કરી દે કે અધમૂઆ કરી દે એવું ખાતરીબંધ પાવરફુલ !!

'કેટેગરી'ની વ્યક્તિઓની ભેળસેળ એટલે લાલાકાકા!! કેમકે કેટલીકવાર અંકલની કંપની મોજ કરાવે એવી હોય છે. તો કયારેક એ સવા નવને પાંચ 'લપ' જેવાય લાગતા હોય છે.... છતાંય રેડ અંકલ મળે ત્યારે એમની પાસે કંઈક મસાલેદાર (મૂળ સામાન્ય વાતમાં પોતાનો સ્પેશિયલ બ્રાન્ડ મસાલો છાંટીને મસાલેદાર બનાવેલ) સમાચાર અવશ્ય હોય જ. આજે 'સવારની ચા' માટે રાબેતા મુજબ અમારે ત્યાં આવીને હિંચકે આસન જમાવી એમણે. પહેલો ગૂગલી ફેંક્યો : 'પનુભાઈ, કેવું લાગે છે!'

'કાકા, લાગે છે નહીં, તમારો આવો અદ્ધરતાલ સવાલ લમણે વાગે છે !!'

'એટલે ?'

'એટલે શેનું શું લાગવા વિશે પૂછી રહ્યા છો? એ તો સમજાવું જોઈએને '

'પનુભાઈ... અત્યારે તો વરસાદ વિશે જ પૂછતો હોઉંને....'

'હં.... હં.... અંકલ, વરસાદે તો ભારે કરી છે. ચોમાસું શરૂ થતાં પહેલાં 'આ વરસે ચોમાસું નબળું કે સામાન્ય રહેશે.' એવી આગાહી કરનારાઓને જાણે ખોટા સાબિત કરવા હોય એમ વરસાદ મચી પડ્યો છે.'

'સાચી વાત છે. મુંબઈ, દિલ્હી ને આપણા સૌરાષ્ટ્રમાં તો ભારે વરસાદથી ત્રસ્ત લોકો કહેવત બદલી નાખીને કરે છે કે ખુદા બારિશ દેતા હૈ તો બાદલ ફાડકે દેતા હૈ !!'

'હાં... પડે છે ત્યાં સામટો પાંચ-સાંત-ઈંચ જ ખાબકે છે.. વરસાદ તો પ્રભુનો પરસાદ છે પણ એક સામટો આટલો બધો પ્રસાદે ય સારો નહીં જ ને....'

'અરે, આ સીઝનમાં તો જાણે 'વરુણદેવ' પોતાના ભારે રસાલા સાથે ને 'ફૂલ સ્ટોક' સાથે ભારત ભ્રમણ કરીને ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ સર્વત્ર્ મન મૂકીને મહેરબાની વરસાવી રહ્યા છે, ખરું કે નહીં ? મેઘરાજા પોતાના જૂના રેકોર્ડ બ્રેક,કરવાના મૂડમાં લાગે છે.'

હા... ઠેર ઠેર જળબંબાકાર ને પાણી પાણીના જ ન્યૂઝ જોવા મળે છે....'

'વાદળો પાટે છે અને કહે છે ને કે આભ ફાટે ત્યારે થીંગડું કયાં દેવાય....' ત્યાં જ અંકલની ચાહ વાળી ચા આવી એટલે એમને લેડીઝ ફર્સ્ટની જેમ 'ટી ફર્સ્ટ' કર્યું.

ચા દેવીને ન્યાય આપી દીધા પછી રેડ અંકલે બેટિંગ શરૂ કરી : 'પનુભાઈ, બધા કહેતા હોય છે કે ચોમાસામાં પાચન શક્તિ મંદ પડી જતી હોવાથી ઓછું ખાવું જોઈએ પણ મને તો ચોમાસામાં ઠેર ઠેર ભરાયેલા પાણીનાં ખાબોચિયાં કૂદી કૂદીને કાં તો એને ચાતરીને ફરીફરીને અહીં તમારે જવા - આવવા માટે વધું ચાલવું પડતું હોવાથી ભૂખ વધારે લાગે છે, બોલો....'

ભલે કાકાએ કહ્યું : 'બોલો. પણ એમની આવી દલીલ ઉપર હું શું બોલું ? એટલે અમે વાતને 'રેઈન ' પરથી રાજકારણ તરફ વાળવા પ્રયત્ન કર્યો : 'કાકા, લોકસભામાં વિપક્ષોની અવિશ્વાસની દરખાસ્ત લાવવાની માગણી વિશે શું કહેવું છે ?'

'મોદી સાહેબ એમને રમાડે છે વિપક્ષો કંઈ ફાવવાના નથી પણ મોટા સાહેબ દયાળું છે - સદ્ભાવવાળા છે તે માને છે કે ભલેને બિચારા થોડા દિવસ અવિશ્વાસનો મત હારી જાય ત્યાં સુધી રાજી રહેતા. બાકી તો 'સો સુનાર કી ઔર એક લુહાર કી' જ છે ને.....'

'રાઈટ..... એટલે જ કહ્યું હશે કે મંજૂરી આપો 'નો કોન્ફિડન્સ મૂવ' ને... જરા વાતાવરણમાં એકસાઈટમેન્ટ આવે.'

'ને ૨૦૧૯માં મોદી સાહેબે જ કહેલું કે હવે વિપક્ષો દ્વારા અવિશ્વાસ દરખાસ્ત ૨૦૨૩માં લવાશે...' તે આવી સચોટ આગાહી કરવા માટે એમના પક્ષકારો 'જોયોને સાહેબનો વટ.....' જોઈને, એમની આગાહી કેવી સાચી પડી ?' કહી ગર્વ કરી શકે ને !!

'આ તો મારે માંગણ ફૂલાય... પિંજારા જેવું છે....'

'દરેક પાર્ટીમાં ને દુનિયામાં બધે એવું જ ચાલતું હોય છે, ભાઈ... સમાજમાં - સંસ્થાઓમાં પણ આવું જ નથી હોતું?' બે - ચાર જણા મથતા રહે ને બાકીના પોતાના ખભે હાથ પછાડી કહેતા હોય છે કે ચિંતા ના કરો, હું બેઠો છું....'

'હા, હોં, કાકા....'

'આ ખભો બતાવી. હું બેઠો છું.' કહેવાનો મતલબ ખબર છે ?'

'ના'

'તમે મહેનત કર્યે રાખો.... તમને હા ના થઈ તો તમને 'મુક્તિધામ' ઊંચકી જવા મારો આ ખમતીધર ખભો તૈયાર જ છે !!' કહેતા કાકા હસી પડ્યા અને અમે એમના આ અર્થઘટન વિશે વિચારમાં ડૂબી ગયા !!!



# એક હજાર અર્જુન જેવો સમર્થ




(૧) કોઈ વાર એવું બને ખરું ? કે સમ્રાટ દિગ્વિજય કરવા નીકળે, અને એની પોતાની હાર થાય ? હા. એવું જ બન્યું. દશાનન રાવણ સાથે. નર્મદા નદીને કિનારે માહિષ્પતી નગરીના રાજા સહસ્રાર્જુને હરાવ્યો, પકડીને કેદમાં નાખી દીધો. એ તો રાવણના પિતા પુલસ્ત્યે વિનંતી કરી, એટલે છોડ્યો. કોણ હતો આ સહસ્રાર્જુન ? એક હજાર અર્જુન જેટલું એનામાં સામાર્થ્ય.

(૨) નર્મદાનદીને કિનારે કિનારે વસેલી નગરી માહિષ્પતી. અહીં મહારાજ કૃતવીર્યનું શાસન. પ્રજાવત્સલ રાજા.

(૩) શ્રી રામના પૂર્વજ રાજા હરિશ્ચંદ્ર હતા. સત્યવાદી. પત્ની તારામતી. એમની કન્યા હતી પદ્મિની. નામ જેવા ગુણ. સૌંદર્ય અને સંસ્કારનો સમન્વય.

(૪) કૃતવીર્ય અને પદ્મિનીને કોઈ વાતે દુઃખ ન હતું. બધી રીતે સુખી. દુઃખ માત્ર એક જ - પણ એ ભારે દુઃખ. એમને કોઈ સંતાન ન હતું. ઉંમર વધતી જતી હતી. રાજાને ચિંતા કોરી ખાય. આવડું મોટું રાજય - પણ પોતાને ઉત્તરાધિકારી નહીં.

(૫) એક વાર રાજપુરોહિતે એમને સલાહ આપી. રાજા કૃતવીર્યે આ સલાહ સ્વીકારી લીધી. એમને મંત્રીપરિષદ બોલાવી. પરિષદને જાણ કરી. પરિષદને રાજયનું સંચાલન સોંપી દીધું. તપશ્ચર્યા માટે વનમાં પ્રસ્થાન કરવાનો નિર્ણય કર્યો.

(૬) રાજરાણી પદ્મિનીને જાણ થઈ. એણે પણ ઝડપી નિર્ણય લઈ લીધો. રાણીના વસ્ત્ર અને આભૂષણ છોડી દીધા. પતિની જેમ વલ્કલ ધારણ કરી લીધા. અને પતિની સાથે જ વનમાં પ્રસ્થાન કરી લીધું.

(૭) કૃતવીયની તપશ્ચર્યા તો દિવસે અને દિવસે ઉગ્ર થઈ ગઈ. હવે તો એનું શરીર એકદમ દુર્બળ થઈ ગયું હતું. જાણે કે હાડપિંજર થઈ ગયું. નજીકમાં બ્રહ્મર્ષિ અત્રિ અને મહાસતી અનસૂયાનો આશ્રમ હતો. એકવાર પદ્મીની દોડીને આશ્રમમાં આવી. અને મહાસતી પાસે ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડી.

(૮) અનસૂયાએ એને આશ્વાસન આપ્યું. અને સલાહ આપી. 'જો દીકરી. આ અધિક મહિનો શરૂ થયો છે.' હવે શુક્લ પક્ષની એકાદશી આવશે. આ એકાદશીએ ઉપવાસ રાખીને વિષ્ણુપૂજા કરજે. મારી સૂચનાઓનું અક્ષરશઃ પાલન કરજે.' પદ્મિનીને રાજી થઈને વિદાય લીધી.

(૯) અધિક માસની સૂદ એકાદશીએ પદ્મિનીએ મહાસતીની સૂચનાઓને જાળવી રાખીને, વ્રત કર્યું. ઉપવાસ,જાગરણ, વિષ્ણુ પૂજા બધું જ. તેણે શ્રદ્ધા સાથે કર્યું.

(૧૦) બીજે દિવસે પારણા હતા. ભગવાન વિષ્ણુ જાતે ગરુડ ઉપર બેસીને પધાર્યા. પદ્મિની ઉપર પ્રસન્ન થયા, વરદાન માગવા કહ્યું. પદ્મિનીને પોતાનો સંકોચ થતો હતો, એટલે કૃતવીર્ય એ એના વતી વરદાન માગ્યું. 'અમને પુત્રપ્રાપ્તિ થાય, એ પુત્ર એવો પરાક્રમી હોય કે ત્રણેય લોકમાં, આપના સિવાય કોઈ નાથી પરાજિત ન થાય.' ભગવાને 'તથાસ્તુ' કહ્યું.

(૧૧) અને પછી એમને પુત્ર જન્મ્યો - સહસ્રાર્જુન એક હજાર અર્જુન જેટલો સમર્થ.